*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 05

# RCEP




## ચર્ચામાં શા માટે ?

## RCEP વિશે :–

## ભારતના RCEPમાં ન જોડાવાના કારણો :–

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં થાઈલેન્ડમાં યોજાયેલ ત્રીજા RCEP સંમેલનમાં ભારતે RCEP વેપાર કરારમાં ન જોડાવાનો નિર્ણય લીધો છે.
- આ ભાગીદારીમાં ન જોડાતાં ભારતે જણાવ્યું છે કે,'ભારત અન્ય દેશોની ઉત્પાદિત ચીજવસ્તુઓ પર ટેરિફ ઘટાડવાની કે તેને દૂર કરવાની વાતથી ચિંતિત છે. કેમ કે, આ ટેરિફ દૂર કરવાથી ભારતના ઘરેલું ઉત્પાદનોને નકારાત્મક અસર થઈ શકે તેમ છે.'

## RCEP વિશે :–

- RCEPનું પૂરું નામ 'Regional Comprehensive Economic Partnership' અર્થાત્ 'પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી' છે.
- વર્ષ 2012માં કંબોડિયામાં યોજાયેલ ASEAN સંમેલનમાં RCEP વિશેની ચર્ચા ઔપચારિક રીતે શરૂ કરવામાં આવી હતી.
- RCEPએ એક પ્રસ્તાવિત 'મુકત વ્યાપાર કરાર' છે. જેમાં ASEANના 10 દેશો(1.કંબોડિયા, 2.ઈન્ડોનેશિયા, 3.બ્રુનેઈ, 4.લાઓસ, 5.મલેશિયા, 6.વિયેતનામ, 7.ફિલિપાઈન્સ 8.મ્યાનમાર, 9.સિંગાપોર, 10.થાઈલેન્ડ) ઉપરાંત અન્ય 6 દેશો (ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરીઆ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ) સાથે જોડાવાના હતાં.
- પરંતુ, હવે ભારત RCEPમાંથી નીકળતાં માત્ર 15 દેશો જ આ પ્રસ્તાવિત કરારમાં રહ્યા છે.
- RCEP માં સમાવિષ્ટ વર્તમાન 15 દેશો વર્ષ 2020 સુધીમાં આ કરાર પર સહી કરશે.
- આ કરાર દ્વારા સભ્ય દેશો વચ્ચે આયાત–નિકાસ પરના ટેરિફ અને કરો ઘટાડવામાં કે દૂર કરવામાં આવશે, જેથી આ દેશો વચ્ચે વસ્તુ અને સેવાઓનો વિનિમય મુકત રીતે થઈ શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના RCEPમાં ન જોડાવાના કારણો :–

- આ કરારમાં સમાવિષ્ટ દેશોના ખાદ્ય તથા કૃષિકીય ઉત્પાદનો પર આયાત કર શૂન્ય થવાથી ભારતના ખેડૂતોમાં ભારે ચિંતા હતી. કેમ કે, આયાત કરેલ વસ્તુઓના ઓછા ભાવને કારણે ભારતમાં ઉત્પાદિત કૃષિ પેદાશોના ભાવમાં પણ મોટો ઘટાડો થઈ શકે તેમ હતો.
- ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનો ડેરી ઉદ્યોગ ખૂબ જ વિકસિત છે તથા આ દેશોમાં ડેરી પેદાશોનું ઉત્પાદન પણ વધુ છે. જેથી, ભારતના ડેરી ઉદ્યોગને વિપરિત અસર થઈ શકે તેમ હતી.
- દક્ષિણ– પૂર્વ એશિયાના દેશોમાં બાગાયતી પાકો જેવાં કે રબર, નાળિયેર, પામ–તેલ વગેરેનું ઉત્પાદન ખૂબ જ સસ્તા ભાવે થાય છે. જેના કારણે ભારતમાં આ પેદાશોનું મોટા પ્રમાણમાં આયાત થઈ શકે તેમ હતું.
- બૌદ્ધિક સંપદા અધિકાર (IPR)ના નિયમોના લીધે ભારતના કૃષિક્ષેત્રમાં બીજ–રોપણ ક્ષેત્રને ખૂબ જ મોટી અસર થઈ શકે તેમ હતી.
- આ ઉપરાંત RCEPના વિવિધ દેશો સાથે ભારતને ખૂબ જ મોટી વ્યાપારીક ખાદ્ય પણ છે. RCEPમાં જોડવાથી આ ખાદ્ય વધી શકે તેમ હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક,
તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
ભારતની ભૂગોળ TO THE POINT & ગુજરાત તથા ભારત સરકારની યોજના
NOW AVAILABLE
Available at amazon
વધુ માહિતી માટે CALL 93753-01110

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT